જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૧/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૫૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૧૫૫ લીટર દેશી દારૂ અને ૦૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧,૩૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૫૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૫૮/૨૦૨૬**

નારોલઃ ધર્મેશભાઇ જીતેન્દ્રભાઇ ટેલર (રહે.વારાહીનગર સોસાયટી, ગેબનશાહ પીર દરગાહની બાજુમા, વટવા ઇસનપુર) એ તા.૧૨/૦૧/૨૦૨૬ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ તા.૧૦/૦૧/૨૦૨૬ ના કલાક ૧/૦૦ થી તા.૧૨/૦૧/૨૦૨૬ ના કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, મકાનમાંથી એલ.જી.કંપનીનુ ૫૫ ઇંચનુ TV કિમત રૂપિયા ૨૫,૦૦૦/– તેમજ તીજોરીમાંથી સોનાની વીંટી નંગ–૨ કિમત રૂપિયા ૮૦,૦૦૦/– તથા ચાંદીની એક જોડી ઝાંઝર કિમત રૂપિયા ૨૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૫૫,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.સેરસિયા ચલાવે છે.

ઘાબા ઉપરથી પડી જતાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૫૯/૨૦૨૬**

ખોખરાઃ દુદકુમાર સ/ઓ સનાયાસી સરદાર (ઉ.વ.૩૨)(રહે.નાથાભાઇ એસ્ટેટ, સેન્સુરી પ્લાઝા સામે જશોદાનગર BRTS બસ સ્ટોપ સામે ખોખરા) તા.૧૧/૦૧/૨૦૨૬ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક મકાનના ઘાબા ઉપર પતંગ ચગાવતા હતા ત્યારે પતંગ ચગાવતા પાછા પગે ચાલતા દુદકુમારનો પગ લપસી જતા ઘાબા ઉપરથી નીચે પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/૦૧/૨૦૨૬ સાંજના ૫/૨૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નિલેન્દ્રસિંહ ખાપાભાઇ ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૬૦/૨૦૨૬**

નારોલઃ નારોલ ગ્યાસપુર લેબર કોલોની, ડીએનપી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લી.કંપની ખાતે કામ કરતા અને ત્યાંજ રહેતા મનુભાઇ ગણતભાઇ ગણાવા (ઉ.વ.૪૫)(મુળ રહે. ગામ–સાહડા તા.ગરબાડા જી.દાહોદ) તા.૧૨/૦૧/૨૦૨૬ સવારના ૯/૩૦ વાગ્યા પહેલા કંપનીમાં પેવર બ્લોક મેન્યુફેક્ચર યુનીટના મશીનમા આકસ્મીક રીતે આવી જતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૬૧/૨૦૨૬**

ઓઢવઃ જીગ્નેશકુમાર સ/ઓ બાલુભાઈ વેકરીયા (ઉ.વ.૩૭)(રહે.અનમોલ ગેલેક્ષી–૭૭, ઉદય ઓટો લીંક પાછળ રીંગ રોડ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૧/૨૦૨૬ ના કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ ગોપીનાથ એસ્ટેટમાં વિભાગ–૦૧ શેડ નંબર–૦૨ માં આવેલ "મારૂતી ટી સ્ટોલ" ખાતે દુકાનમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી